   (૨) અનુક્રમ નંબર. ૩ થી ૭ને અનુક્રમ નંબર ૨ થી ૬ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામા આવે છે.

૨. ફકરા-૭(૧) મુજબના પરિશિષ્ઠ ૩ માંથી
   (૧) અનુક્રમ નંબર ૪૫ ૫૨ના પ્રતિકની નોંધ ૨દ કરવામાં આવે છે.
   (૨) અનુક્રમ નંબર.૪૬ થી ૮૦ ને અનુક્રમ નંબર ૪૫ થી ૭૯ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામાં આવે છે.

૩. ફકરા-૭(૨) મુજબના પરિશિષ્ટ-૪માં

   (૧) મુકત પ્રતિકોના નમુનાના અનુક્રમ નંબર ૪૫ નું પ્રતિક ૨દ કરવામાં આવે છે.
   (૨) મુકત પ્રતિકોના નમુનાના અનુક્રમ નંબર ૪૬ થી ૮૦ ને અનુક્રમે અનુક્રમ નંબર ૪૫ થી ૭૯ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામાં આવે છે.

આદેશથી,

સુરેશ દા.શર્મા
સચિવ, ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

		તારીખ	સમય	સ્થળ
(છ)	મતદાનનું સ્થળ	–	–	જિ. ચુંટણી અધિ.એ જાહેર કરેલ મતદાન મથક ઉપર
(જ)	મતગણતરી માટેની તારીખ અને સમય	૧૩/૦૫/૨૦૦૨	સવારના ૯–૦૦ કલાકથી ગણતરી પુરી થાય ત્યાં સુધી	ચુંટણી અધિકારી જાહેર કરે તે સ્થળે
(ઝ)	ચુંટણી પ્રક્રિયા પુરી થવા માટેની તારીખ	૧૮/૦૫/૨૦૦૨	———	———

–: અનુસૂચિ :–

પાટણ તાલુકાની ગ્રામ પંચાયતની બેઠકની ચુંટણી યોજવાની છે તેની યાદી

અ.નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	વોર્ડ નંબર/ ક્રમાંક	વોર્ડની બેઠકનો પ્રકાર	સરપંચની બેઠકનો પ્રકાર	ચુંટણીનો પ્રકાર (સામાન્ય/ પેટા ચુંટણી જે હોય તે દર્શાવવું)
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પાટણ	અજુજા	૩	સામાન્ય	—	સામાન્ય

(સહી/-) અવાચ્ય,
કલેકટર પાટણ જિલ્લો અને
રાજ્ય ચૂંટણી પંચના અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 85 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL XLIII WEDNESDAY, JUNE 5, 2002 /JYAISTHA 15, 1924

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૦–૫–૨૦૦૨

ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૨.

વંચાણે લીધુ :૧. રાજ્ય ચૂંટણી પંચનો આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૫, તા.૧૭–૪–૯૫.

૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૬, તા.૭–૧૦–૯૬.

૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૮, તા.૩–૭–૯૮.

૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૯, તા.૧૬–૪–૯૯.

૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૯, તા.૧૯–૪–૯૯.

૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૯૯, તા.૧–૭–૯૯.

૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ, તા.૩૦–૧૨–૯૯.

૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૦, તા.૧–૨–૨૦૦૦

૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૦–તજપ–જન–૩૧, તા.૧૪–૮–૨૦૦૦.

૧૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૦, તા.૪–૯–૨૦૦૦.

INDEX

૧૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પફઅ–૨૦૦૦, તા.૧૭–૧૦–૨૦૦૦.

૧૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પફઅ–૨૦૦૦, તા.૨૪–૧૦–૨૦૦૦.

૧૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૧, તા.૩૧–૩–૨૦૦૧.

૧૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૧, તા.૧૯–૪–૨૦૦૧.

૧૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૧, તા. ૩–૯–૨૦૦૧.

૧૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૧, તા. ૧–૧૧–૨૦૦૧.

૧૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–પચત–પફઅ–૨૦૦૨, તા. ૨૪–૧–૨૦૦૨

સુધારા આદેશ

૧. રાજ્ય ચૂંટણી પંચ તરફથી આમુખ (૧) મુજબના તા.૧૭–૪–૧૯૯૫ના આદેશથી રાજ્યની જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે પ્રતિકો અનામત રાખવા તથા ફાળવવા અંગે ઠરાવવામાં આવ્યું છે જેને આમુખ (૨) થી (૧૭) મુજબના સુધારા આદેશોથી વખતો વખત સુધારવામાં આવ્યો છે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં રાજકીય પક્ષો તથા તેમના ઉમેદવારોને અનામત પ્રતિકો ફાળવવા બાબતે જોગવાઈ થયેલ ન હોઈ ઉપરોક્ત નિયમોના નિયમ ૧૧ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (૬) હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ આમુખ (૧) મુજબના તા.૧૭–૪–૧૯૯૫ના આદેશને નીચે પ્રમાણે વધુ સુધારવા આદેશ કરે છે.

૧. ફકરા ૧૦(૧) મુજબના પરિશિષ્ઠ–૨ માંથી

(૧) અનુક્રમ નંબર ૨ પરથી "ગુજરાત જનતા પરિષદ" સંબંધેની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) અનુક્રમ નંબર ૩ થી ૭ ને અનુક્રમ ૨ થી ૬ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામાં આવે છે.

૨. ફકરા ૭(૧) મુજબના પરિશિષ્ઠ –૩ માંથી

(૧) અનુક્રમ ૪૫ પરના પ્રતિકની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) અનુક્રમ નંબર ૪૬ થી ૮૦ ને અનુક્રમ નંબર ૪૫ થી ૭૯ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામાં આવે છે.

૩. ફકરા ૭(૨) મુજબના પરિશિષ્ઠ –૪ માંથી

(૧) મુકત પ્રતિકોના નમૂનાના અનુક્રમ નંબર ૪૫ પરનું પ્રતિક રદ કરવામાં આવે છે.

(૨) મુકત પ્રતિકોના નમુનાના અનુક્રમ નંબર ૪૬ થી ૮૦ ને અનુક્રમે અનુક્રમ નંબર ૪૫ થી ૭૯ તરીકે પુનઃ અનુક્રમ નંબર આપવામાં આવે છે.

આદેશથી,

સુરેશ દા. શર્મા
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 86 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] FRIDAY, JUNE 7, 2002/JYAISTHA 17, 1924

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૧૯૯૫

ક્રમાંક: સીએચટીએચ-૯૫-૧-કેએસએન-૧૦૯૩-જીઓઆઈ-૪૩-બી :- ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારે બહાર પાડેલ નીચેનું જાહેરનામું લોકોની સામાન્ય જાણ સારૂં પુનઃપ્રસિધ્ધ કરવામાં આવે છે :-

જાહેરનામું

ભારત સરકાર

ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય,

નવી દિલ્હી, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૩.

જી.એસ.આર.૫૮૪(ઇ) :- આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, નીચેનો હુકમ કરે છે :-

INDEX

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ** :- (૧) આ હુકમ કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ભારતને લાગુ પડે છે.

(૩) તે, રાજપત્રમા તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા** :- આ હુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) " મુખ્ય સ્ફોટક પદાર્થ નિયંત્રક" નો અર્થ ભારતનો સ્ફોટક પદાર્થ અધિનિયમ, ૧૮૮૪ (સન ૧૮૮૪ના ૪થા)માં તેનો જે અર્થ આપવામાં આવ્યો છે તે થશે;

(ખ) " ગ્રાહક" એટલે રાંધવા અને દિવાબત્તી કરવા માટે કેરોસીનનો ઉપયોગ કરવા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર ધ્વારા અધિકૃત કરેલ વ્યકિત, પેઢી, કંપની, સંસ્થા, વ્યકિતઓનું મંડળ, સહકારી મંડળી અથવા સંગઠન;

(ગ) " વેપારી" એટલે જે કેરોસીન ખરીદવા અને વેચવાના ધંધામાં સંકળાયેલ હોય અને સરકારી ઓઈલ કંપની અથવા કેન્દ્ર અથવા રાજય સરકાર અથવા સમાન માર્કેટીયર ધ્વારા જેને મંજૂર કરેલ હોય તે વ્યકિત, પેઢી, વ્યકિતઓનું મંડળ, કંપની, સંસ્થા, સંગઠન અથવા સહકારી મંડળ;

(ઘ) " જાહેર કરેલ કિંમત" એટલે જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ વેચેલ કેરોસીનના સંબંધમાં, વિસ્તારના ઉલ્લેખ સાથે વખતોતવખત કેન્દ્ર સરકાર ધ્વારા જાહેર કરેલ મહત્તમ વેચાણ કિંમત અને તેમાં :-

(૧) રાજયમાંના વિસ્તારના કિસ્સામાં, રાજય સરકારે અથવા જિલ્લા કલેકટરે; અથવા

(૨) સંઘ રાજયક્ષેત્રના વિસ્તારના કિસ્સામાં, સંઘ રાજયક્ષેત્રના વહીવટદારે,

ઠરાવેલા એવા બીજા ચાર્જ, દર, જકાત અને વેરાનો સમાવેશ થાય છે;

(ચ) " કેરોસીન" એટલે ૩૫ ડીગ્રી સેન્ટીગ્રેડના લઘુત્તમ જવલન બિંદુએ અને ૧૮ એમએમના લઘુત્તમ ધુમાયમાન બિંદુના મહત્વના લક્ષણોવાળુ બીઆઈએસ વિગતવર્ણન ૧૯૭૪ના આઈએસ-૧૪૫૯ને મળતા હાઈડ્રોકાર્બનનું મધ્યમ નિસ્યંદીત મિશ્રણ;

(છ) " સરકારી ઓઈલ કંપની" એટલે,

(૧) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ,

(૨) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ,

(૩) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ,

(૪) આઈબીપી કંપની લિમિટેડ,

(૫) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન,

(૬) ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ,

(૭) ઓઈલ ઈન્ડિયા લિમિટેડ, અથવા

(૮) આ હુકમના હેતુ માટે, કેન્દ્ર સરકારે, જાહેરનામાથી સરકારી ઓઈલ કંપની તરીકે જાહેર કરેલ કોઈ બીજી સરકારી કંપની અથવા વૈધાનિક મંડળ;

(જ) " ભારતીય માનક" નો અર્થ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬ના ૬૩મા)ની કલમ ૨ના ખંડ (જ)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે;

INDEX

(ઝ)" સમાન માર્કેટીયર" એટલે સમાન માર્કેટીંગ પધ્ધતિ હેઠળ કેરોસીનની આયાત, શુધ્ધિકરણ, ઉત્પાદન, પેકેજીંગ, માર્કેટીંગ, વિતરણ અને વેચાણનું કામકાજ કરતી કોઇપણ વ્યકિત, પેઢી, કંપની, સંસ્થા, વ્યકિતઓનું મંડળ, સહકારી મંડળી અથવા સંગઠન;

(ટ) " સમાન માર્કેટીંગ પધ્ધતિ" એટલે જાહેર વિતરણ પધ્ધતિ સિવાયની પધ્ધતિ જે હેઠળ કોઇ વ્યકિત પોતાની વ્યવસ્થા હેઠળ કેરોસીનની આયાત, વહન, પેકેજીંગ, વિતરણ અથવા વેચાણ કરતી હોય;

(ઠ) " જાહેર વિતરણ પધ્ધતિ" એટલે જાહેર કરેલ કિંમતે, કેન્દ્ર અથવા રાજય સરકારે માન્ય કરેલ વિતરણ પધ્ધતિથી કેરોસીનના વિતરણ, માર્કેટીંગ અથવા વેચાણની પધ્ધતિ;

(ડ) " સંગ્રહ કેન્દ્ર" એટલે મુખ્ય સ્ફોટક પદાર્થ નિયંત્રકે માન્ય કરેલ અથવા લાઇસન્સ આપેલ જગા;

(ઢ) " હેરફેર કરનાર" એટલે કેરોસીનની હેરફેર કરવા માટે સરકારી ઓઇલ કંપની, સમાન માર્કેટીયર અથવા વિતરકે અધિકૃત કરેલ વ્યકિત.

૩. <u>જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ પુરા પાડેલ કેરોસીનના ઉપયોગ ઉપર નિયંત્રણ</u> :- (૧) કોઇપણ વ્યકિત, જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ પુરા પડાયેલ કેરોસીનનો રાંધવા અને દીવાબત્તી કરવા સિવાયના અન્ય કોઇપણ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ:

પરંતુ કેન્દ્ર અથવા રાજય સરકાર, હુકમથી, કોઇપણ વ્યકિતને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા બીજા હેતુઓ માટે કેરોસીનનો ઉપયોગ કરવા માટે પરવાનગી આપી શકશે.

(૨) જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ કોઇપણ વેપારી અથવા હેરફેર કરનાર, પુરવઠો જેના માટે હોય તે સિવાયની કોઇ વ્યકિતને જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ કેરોસીનનું વેચાણ, વિતરણ કરી શકશે નહી અથવા પુરૂ પાડી શકશે નહિ.

૪. <u>જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ કેરોસીન પ્રાપ્ત કરવા, સંગ્રહ કરવા અને વેચાણ કરવા બાબત</u>:- (૧) કોઇપણ વિતરક પાસે સંગ્રહ કેન્દ્ર સહિત, ધંધાની જગ્યામાં જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ પુરો પાડેલ કેરોસીનનો જથ્થો હોય તેમ છતાં,-

(ક) સરકાર અથવા સરકારી ઓઇલ કંપનીએ અન્યથા આદેશ આપેલ હોય તે સિવાય, કોઇપણ ગ્રાહકને કોઇપણ કામકાજના દિવસે કામકાજના કલાકો દરમિયાન, કેરોસીન પુરૂં પાડવા અથવા વેચાણ, વિતરણની ના પાડી શકશે નહી,

(ખ) સરકાર અથવા સરકારી ઓઇલ કંપનીની પૂર્વલેખિત પરવાનગી સિવાય, કોઇપણ કામકાજના દિવસે કામકાજના કલાકો દરમિયાન, સંગ્રહ કેન્દ્ર સહિતની તેની ધંધાની જગ્યા બંધ રાખી શકશે નહિ,

(ગ) સરકાર અથવા સરકારી ઓઇલ કંપનીએ નકકી કરેલ ભાવ કરતાં ઊંચી કિંમતે કેરોસીનનું વેચાણ, વિતરણ કરી શકશ નહિ અથવા પુરૂં પાડી શકશે નહિ.

(૨) જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ દરેક વિતરકે, બધા સમયે, સંગ્રહ કેન્દ્ર સહિત ધંધાની જગ્યામાં ઉપલબ્ધ કેરોસીનના પુરતા જથ્થાની ખાતરી કરવા તમામ વાજબી પગલાં લેવા જોઇશે.

INDEX

સ્પષ્ટીકરણ :- પેટા-ખંડ (૧)ના હેતુ માટે, " કામકાજના કલાકો" એ શબ્દપ્રયોગ એટલે સંબંધિત રાજય અથવા સંઘ રાજયક્ષેત્રમાં અમલમાં હોય તેવા દુકાન અને સંસ્થા અધિનિયમ અનુસાર સંબંધિત ઓઈલ કંપનીએ નકકી કરેલ કામકાજના કલાકો.

૫. **જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ વિતરકોએ જથ્થો અને કિંમત દર્શાવવા બાબત** :- જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ દરેક વિતરકે, કેન્દ્ર સંગ્રહ કેન્દ્ર સહિતની ધંધાની જગ્યામાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ :-

(૧) કેરોસીનનનો ઉઘડતો જથ્થો;
(૨) દિવસ દરમિયાન મળેલ જથ્થો;
(૩) દિવસ દરમિયાન વેચાયેલ, વિતરણ કરેલ અથવા અન્યથા નિકાલ કરેલ જથ્થો;
(૪) દિવસનો બંધ જથ્થો; અને
(૫) સરકાર અથવા સરકારી ઓઈલ કંપની આ બાબતમાં લેખિત હુકમથી નિર્દિષ્ટ કરે તેવી બીજી વિગતો; જથ્થા-સહ-કિંમતના બોર્ડ પર સ્પષ્ટ રીતે દર્શાવવી જોઈશે.

૬. **જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ વિતરકે રજિસ્ટર, હિસાબના ચોપડા જાળવવા બાબત અને અહેવાલ રજૂ કરવા બાબત** :- જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ નીમાયેલ દરેક વિતરકે, ધંધાની જગ્યામાં કેરોસીનની દૈનિક ખરીદી, વેચાણ અને સંગ્રહનાં યોગ્ય હિસાબ જાળવવા જોઈશે અને તેમાં દરરોજનો :-

(૧) કેરોસીનની ઉઘડતો જથ્થો;
(૨) દિવસ દરમિયાન મળેલ જથ્થો;
(૩) દિવસ દરમિયાન વેચાયેલ, વિતરણ કરેલ અથવા અન્યથા નિકાલ કરેલ જથ્થો;
(૪) બંધ જથ્થો; અને
(૫) આ બાબતમાં, સરકાર અથવા સરકારી ઓઈલ કંપની લેખિતમાં હુકમથી નિર્દિષ્ટ કરે તેવી બીજી બાબતોનો નિર્દેશ કરવો જોઈશે.

૭. **સમાન માર્કેટીયરે રેકર્ડ જાળવવા અને માહિતી પુરી પાડવા બાબત** :-

(ક) કેરોસીનની આયાત, હેરફેર, પેકીંગ, માર્કેટીંગ, વિતરણ અથવા વેચાણ શરૂ કરતાં પહેલા દરેક સમાન માર્કેટીયરે, તે હાથ ધરવા માંગતો હોય તેવી ઉપરની તમામ અથવા તે પૈકીની કોઇ પ્રવૃત્તિઓની જાણ, તે કરવાની તેની ક્ષમતા અને બીજી સંબંધિત વિગતો તેમાં નિર્દિષ્ટ કરીને કેન્દ્ર સરકારના ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલયને કરવી જોઈશે.

(ખ) કેરોસીનના સમાન માર્કેટીયરે, કેન્દ્ર સરકારના ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલયને, બંદરવાર, કેરોસીનની આયાતની વિગતો આપતો માસિક અહેવાલ તરત પછીના મહિનાની પંદરમી તારીખ પહેલાં રજૂ કરવો જોઈશે.

INDEX

(ગ) સમાન માર્કેટીયરે, કેન્દ્ર સરકારના ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલયને અથવા તે સરકાર આ બાબતે નિર્દિષ્ટ કરે તેવા સત્તામંડળને, ફરમાવવામાં આવે તેવી બીજી માહિતી પૂરી પાડવી જોઇશે.

૮. **જાહેર વિતરણ પધ્ધતિ હેઠળ કેરોસીન ઓળખી શકાય તેવું બનાવવા બાબત** :- જાહેર વિતરણ પધ્ધતિ દ્વારા પુરૂં પાડેલ કેરોસીન, સમાન માર્કેટીંગ પધ્ધતિ હેઠળ આયાત કરાયેલ, વેચાણ કરેલ અથવા વિતરણ કરેલ કેરોસીનથી અલગ ઓળખી શકાય તેવું બનાવવા, જયારે અને જેમ જરૂરી હોય ત્યારે સરકારી ઓઇલ કંપનીઓએ સ્વીકારેલ યોગ્ય પગલાં લેવા જોઇશે.

૯. **દાખલ થવાની, ઝડતી અને કબજે લેવાની સત્તા** :- (ક) સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એવી સરકારે અધિકૃત કરેલ અને કેન્દ્ર સરકારે જાહેર કરેલ ઈન્સ્પેકટરથી ઉતરતા દરજજાના ન હોય તેવા અધિકારી અથવા કેન્દ્ર સરકારે અધિકૃત અને જાહેર કરેલ કોઇ અધિકારી અથવા સરકારે અધિકૃત કરેલ અને કેન્દ્ર સરકારે જાહેર કરેલ સરકારી ઓઇલ કંપનીનો સેલ્સ ઓફિસરથી ઉતરતા દરજજાનો ન હોય તેવો કોઇપણ અધિકારી, આ હુકમ અથવા તે હેઠળ કરેલ બીજા કોઇપણ હુકમના પાલનની ખાતરી કરવાના હેતુ માટે, જરૂરી હોય તેવી સહાય સાથે, આ હુકમની જોગવાઇઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે :-

(૧) કોઇપણ વાહન, પાત્ર અથવા અન્ય કોઇ સાધન કે જે અંગે અધિકારીને એમ માનવાને કારણ હોય કે તે આ હુકમનું ઉલ્લંઘન કરીને ઉપયોગમાં લેવાયેલ છે, ઉપયોગ થઇ રહેલ છે અથવા ઉપયોગ થવાનો છે તેવા કોઇપણ પાત્ર અથવા વાહનને અટકાવી અને કબજે લઇ શકશે,

(૨) જરૂરી મદદ અને સહાય સાથે કોઇપણ સ્થળમાં દાખલ થઇ શકશે અથવા ઝડતી લઇ શકશે; અને

(૩) તેને એમ માનવાને કારણ હોય કે આ હુકમની કોઇ જોગવાઇનો ભંગ થયો છે અથવા થઇ રહયો છે અથવા થવાનો છે તો તે એવો જથ્થો લઇ જવા ઉપયોગમાં લીધેલ વાહન, પાત્ર અથવા બીજા સાધન સહિત કેરોસીનના ધંધાને લગતા ચોપડા, રજિસ્ટર અને બીજા રેકર્ડ જરૂરી હોય તેવી મદદ અથવા સહાયથી કબજે લઇ શકશે અને દૂર કરી શકશે અને ત્યારપછી નિકાલ બાકી કાર્યવાહી દરમિયાન તેની સલામત કસ્ટડી માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા)ની જોગવાઇઓ હેઠળ હકૂમત ધરાવતા કલેકટર સમક્ષ એવી રીતે કબજે લેવાયેલ વાહન, પાત્ર અથવા બીજુ સાધન રજૂ કરવા અને સરકારી ઓઇલ કંપનીની કચેરીમાં કેરોસીન પહોંચાડવાનું સુનિશ્ચિત કરવા જરૂરી તમામ પગલાં લઇ શકશે અથવા લેવા માટે અધિકૃત કરી શકશે.

(ખ) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ નો ૨જો) ની ઝડતી અને કબજે લેવા સંબંધી કલમ ૧૦૦ની જોગવાઇઓ, શકય હોય તેટલે સુધી, આ હુકમ હેઠળ ઝડતી અને કબજે લેવા સંબંધમાં લાગુ પડશે.

INDEX

૧૦. **હુકમની ઉપરવટ અસર** :- આ હુકમની જોગવાઈઓની, રાજય સરકારે અથવા સંઘ રાજયક્ષેત્રના વહીવટી તંત્રે કરેલા કોઈપણ હુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં અથવા આવી રાજય સરકાર અથવા સંઘ રાજયક્ષેત્રના કોઈ અધિકારીએ આ હુકમના આરંભ પહેલાં તે હેઠળ કરેલ કોઈ કાર્ય અથવા કાર્યલોપના સંબંધમાં, ઉપરવટ અસર રહેશે.

૧૧. **મુકિત આપવાની સત્તા** :- કેન્દ્ર સરકાર, કોઈપણ હાડમારી દૂર કરવા માટે અથવા ન્યાયી અને પૂરતા કારણસર પોતે જરૂરી ગણે તો, રાજપત્રમાં રાજયમાં જાહેરનામાથી, કોઈપણ વ્યકિતને સામાન્ય રીતે અથવા કોઈપણ નિર્દિષ્ટ મુદત માટે અને જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, આ હુકમની તમામ અથવા કોઈપણ જોગવાઈઓમાંથી મુકિત આપી શકશે.

૧૨. **રદ કરવા બાબત અને અપવાદ** :- (૧) કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૬૬ અને કેરોસીન (ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૭૦, આ હુકમના આરંભ પહેલાં આ હુકમો હેઠળ કરેલ કોઈ કાર્ય અથવા કાર્યલોપના સંબંધમાં હોય તે સિવાય, આથી રદ કરવામાં આવે છે.
(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ હુકમો હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલ કોઈપણ પગલું, આ હુકમની તત્સમાન જોગવાઈઓ હેઠળ કરેલ છે અથવા લીધેલ છે એમ ગણાશે.

(ક્રમાંકઃ પી-૧૧૦૧૩/૩/૯૩-ડીસ્ટ)
દેવી દયાલ,
સંયુકત સચિવ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જી. એમ. અજબાણી,
સેકશન અધિકારી.

INDEX

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર,. ૨જી જાન્યુઆરી, ૧૯૯૫

ક્રમાંકઃ સીએચટીએચ-૯૫-૨-કેએસએન-૧૦૯૩-જીઓઆઈ-૪૩-બી :- ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારે બહાર પાડેલ નીચેનું જાહેરનામું લોકોની સામાન્ય જાણ સારૂ પુનઃપ્રસિધ્ધ કરવામાં આવે છે :-

જાહેરનામું

ભારત સરકાર,
ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય,
નવી દિલ્હી, ૭મી જુલાઇ, ૧૯૯૪.

એસ.ઓ.૫૦૮ (ઈ). - કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ની કલમ ૭ની પેટા-કલમ (૧) અનુસાર, કેન્દ્ર સરકાર, આથી, સંબંધિત રાજય સરકારો/સંઘ રાજય ક્ષેત્રોની સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગોને, સમાન માર્કેટીયરો પાસેથી, તેઓના પૂર્વ-ઇતિહાસ અને ધંધા વિ. ને લગતી જરૂરી જણાય તેવી, માહિતી અને વિગતો મેળવવાની સત્તા આપે છે.

(પી. ૧૧૦૧૩/૩/૯૩-ડિસ્ટ/એમકેટી)
દેવી દયાલ,
સંયુકત સચિવ,
ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,
જી. એમ. અજબાણી,
સેકશન અધિકારી

INDEX

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

જાહેરનામું

: સચિવાલય, ગાંધીનગર, ૨જી જાન્યુઆરી, ૧૯૯૫

ક્રમાંક: સીએચટીએચ-૯૫-૩-કેએસએન/૧૦૯૩/જીઓઆઈ/૪૩/બી :- ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારે બહાર પાડેલ નીચેનું જાહેરનામું લોકોની સામાન્ય જાણસારૂ પુનઃપ્રસિધ્ધ કરવામાં આવે છે :-

જાહેરનામું

ભારત સરકાર

ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય,

નવી દિલ્હી, ૭મી જુલાઈ, ૧૯૯૪.

એસ.ઓ.૫૦૯ (ઈ) :- કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નક્કી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ની કલમ ૯ની પેટા-કલમ (ક)થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, નીચે બતાવેલ રાજય સરકારો, સંઘ રાજયક્ષેત્રો અને સરકારી ઓઈલ કંપનીઓના નીચે જણાવેલ અધિકારીઓને, તેમની સંબંધિત હકૂમતની અંદર સદરહુ હુકમની જોગવાઈઓ હેઠળ જરૂરી પગલાં લેવા જાહેર કરે છે.

આંધ્ર પ્રદેશ :-

(૧) નાયબ તેહસીલદારના દરજ્જાથી ઉતરતી કક્ષાના નહિ એવા મહેસૂલ ખાતાના તમામ અધિકારીઓ.

(૨) ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ પોલીસ અધિકારીઓ.

(૩) ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા નાગરિક પુરવઠા વિભાગના વિજીલન્સ સેલના તમામ અધિકારીઓ.

(૪) ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

આસામ :-

(૧) તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ.

(૨) ઈન્સ્પેકટર (અન્ન અને નાગરિક પુરવઠા)ના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

(૩) પોલીસ ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા પોલીસ ખાતાના તમામ રાજપત્રિત અધિકારીઓ.

INDEX

અરૂણાચલ પ્રદેશ :-

(૧) સચિવ, પુરવઠા અને વાહનવ્યવહાર, નાયબ સચિવ (પુરવઠા અને વાહનવ્યવહાર), ઉપસચિવ (પુરવઠા અને વાહનવ્યવહાર)

(૨) પુરવઠા વિભાગના નિયામક, પુરવઠા ઇન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના નહિ એવા પુરવઠા વિભાગના બીજા તમામ અધિકારીઓ.

(૩) તમામ નાયબ કમિશનરો, તમામ અધિક નાયબ કમિશનરો અને સર્કલ અધિકારીના દરજજાથી ઉતરતા દરજજાના નહિ એવા અન્ય તમામ વહીવટી અધિકારીઓ.

બિહાર :-

(૧) અન્ન, પુરવઠા અને વાણિજય વિભાગના લાયઝન અધિકારી.
(૨) અન્ન, પુરવઠા અને વાણિજય વિભાગના અન્ન કમિશનર.
(૩) તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ.
(૪) તમામ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ.
(૫) તમામ અધિક કલેકટરો.
(૬) તમામ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (પુરવઠા).
(૭) તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ.
(૮) તમામ મદદનીશ જિલ્લા પુરવઠા અધિકારીઓ.
(૯) અન્ન, પુરવઠા અને વાણિજય વિભાગના મેજિસ્ટ્રેટ, મોબાઇલ સ્કવોડ ઇનચાર્જ.
(૧૦) તમામ મેજિસ્ટ્રેટ (એકિઝકયુટીવ અધિકારીઓ).
(૧૧) તમામ બ્લોક વિકાસ અધિકારીઓ.
(૧૨) ખાસ રેશનીંગ અધિકારી-પટણા, જમશેદપુર, ધનબાદ અને રાંચી.
(૧૩) તમામ નાયબ રેશનીંગ અધિકારીઓ.
(૧૪) નાયબ ઇન્સ્પેકટર જનરલ પોલીસ (અન્ન).
(૧૫) સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (અન્ન).
(૧૬) તમામ મદદનીશ રેશનીંગ અધિકારીઓ.
(૧૭) તમામ બ્લોક પુરવઠા અધિકારીઓ.
(૧૮) તમામ પુરવઠા ઇન્સ્પેકટરો.
(૧૯) નાયબ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (અન્ન).
(૨૦) પોલીસ ઇન્સ્પેકટર (અન્ન).

INDEX

ગુજરાત :-

(૧) પુરવઠા ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ નાગરિક પુરવઠા અધિકારીઓ.

(૨) નાયબ મામલતદારના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ મહેસૂલી અધિકારીઓ.

(૩) ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ રાજપત્રિત પોલીસ અધિકારીઓ.

ગોવા :-

(૧) નિયામક, નાગરિક પુરવઠા અને ભાવ નિયંત્રણ.

(૨) નાયબ નિયામક, નાગરિક પુરવઠા અને ભાવ નિયંત્રણ

(૩) નાગરિક પુરવઠાની કચેરીમાં નિમણૂક પામેલ ઈન્સ્પેકટરો.

(૪) તાલુકામાં નિમણૂક પામેલ નાગરિક પુરવઠાના ઈન્સ્પેકટરો.

હરિયાણા :-

અન્ન અને પુરવઠા ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા અન્ન અને પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

જમ્મુ અને કાશ્મીર :-

(૧) તમામ નાયબ નિયામકો (પુરવઠા), અન્ન અને પુરવઠા વિભાગ, જમ્મુ અને કાશ્મીર.

(૨) જમ્મુ અને કાશ્મીરના અન્ન અને પુરવઠા વિભાગના તમામ મદદનીશ નિયામકો.

(૩) તમામ પુરવઠા ઈન્સ્પેકટરો.

કર્ણાટક:-

(૧) નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા.

(૨) સંયુકત નિયામક (જાહેર વિતરણ પધ્ધતિ), અન્ન અને નાગરિક પુરવઠા.

(૩) સંયુકત નિયામક (વહીવટી અને નાગરિક પુરવઠા), અન્ન અને નાગરિક પુરવઠા.

(૪) જિલ્લાના તમામ નાયબ કમિશનરો.

(૫) અન્ન અને નાગરિક પુરવઠાના તમામ નાયબ નિયામકો.

(૬) જિલ્લાઓના નાયબ કમિશનરોની કચેરીમાં કામ કરતા અન્ન અને નાગરિક પુરવઠાના તમામ નાયબ નિયામકો.

(૭) બેંગલોર ઈન્ફોર્મલ રેશનીંગ વિસ્તારમાં રેંજ અધિકારી તરીકે ફરજ બજાવતા તમામ નાયબ નિયામકો.

(૮) તાલુકાના તમામ તેહસીલદારો.

(૯) બેંગલોર ઈન્ફોર્મેશન રેશનીંગ વિસ્તાર સિવાયના સંબંધિત ઈન્ફોર્મલ રેશનીંગ વિસ્તારમાં રેશનીંગ અધિકારીઓ તરીકે બજાવતા મદદનીશ નિયામકો.

(૧૦)અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ અન્ન અને નાગરિક પુરવઠા ઈન્સ્પેકટરો વર્ગ-૧ અને વર્ગ-૨.

(૧૧) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ ફુડ ઈન્સ્પેકટરો.

INDEX

કેરાલા :-

(૧) રેશનીંગ ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ.
(૨) ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના નહિ એવા તમામ પોલીસ અધિકારીઓ.

હિમાચલ પ્રદેશ :-

(૧) નિયામક, અન્ન અને પુરવઠા.
(૨) તમામ સંયુકત નિયામકો, અન્ન અને પુરવઠા.
(૩) તમામ નાયબ નિયામકો, અન્ન અને પુરવઠા.
(૪) તમામ જિલ્લા અન્ન અને પુરવઠા નિયંત્રકો.
(૫) તમામ જિલ્લા ઇન્સ્પેકટરો, અન્ન અને પુરવઠા.
(૬) અન્ન અને પુરવઠાના તમામ ઇન્સ્પેકટરો.

મધ્ય પ્રદેશ :-

(૧) તમામ જિલ્લા કલેકટરો.
(૨) તમામ અધિક કલેકટરો.
(૩) તમામ નાયબ કલેકટરો.
(૪) તમામ સબ-ડિવિઝનલ અધિકારીઓ.
(૫) તમામ તેહસીલદારો.
(૬) તમામ અન્ન નિયંત્રકો.
(૭) તમામ નાયબ નિયામકો, અન્ન અને નાગરિક પુરવઠા.
(૮) તમામ અન્ન અધિકારીઓ.
(૯) તમામ મદદનીશ નિયામકો, અન્ન અને નાગરિક પુરવઠા.
(૧૦) તમામ મદદનીશ અન્ન અધિકારીઓ.
(૧૧) તમામ અન્ન અને નાગરિક પુરવઠા ઇન્સ્પેકટરો.

મહારાષ્ટ્ર :-

(૧) તમામ જિલ્લા કલેકટરો.
(૨) જિલ્લાઓના તમામ અધિક કલેકટરો.

INDEX

(૩) રેશનીંગ નિયંત્રક, મુંબઈ.
(૪) નાયબ કમિશનર (પુરવઠા)
(૫) જિલ્લાઓમાં તમામ નાયબ/મદદનીશ કલેકટરો.
(૬) તમામ જિલ્લા પુરવઠા અધિકારીઓ.
(૭) નાયબ/મદદનીશ રેશનીંગ નિયંત્રક, મુંબઈ.
(૮) તમામ તેહસીલદારો.
(૯) નાગરિક પુરવઠા તંત્રના તમામ પુરવઠા નિરીક્ષક અધિકારીઓ/પુરવઠા નિરીક્ષક.
(૧૦)રેશનીંગ તંત્રના રેશનીંગ ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા તમામ અધિકારીઓ.
(૧૧)ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા તમામ પોલીસ અધિકારીઓ.

મિઝોરમ :-

(૧) નિયામક, નાગરિક પુરવઠા.
(૨) તમામ નાયબ કમિશનરો.
(૩) તમામ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટસ.
(૪) તમામ રાજપત્રિત પોલીસ અધિકારીઓ.
(૫) ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

મેઘાલય :-

(૧) પુરવઠાના નિયામક, સંયુકત નિયામક, તમામ નાયબ નિયામકો, તમામ સુપ્રિન્ટેન્ડન્ટ અને તમામ ઈન્સ્પેકટરો.
(૨) તમામ નાયબ કમિશનરો/અધિક નાયબ કમિશનરો.
(૩) મહેસૂલ વિભાગના તમામ સબ-ડિવિઝનલ અધિકારીઓ.

નાગાલેન્ડ :-

પુરવઠા ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

INDEX

ઓરીસ્સા :-

(૧) પુરવઠા નિયંત્રક.
(૨) સંયુકત નિયામક, અન્ન પુરવઠા.
(૩) નાયબ નિયામક, અન્ન પુરવઠા.
(૪) નાયબ નિયામક, માર્કેટ ઇન્ટેલીજન્સ.
(૫) અન્ન પુરવઠાના મદદનીશ નિયામક.
(૬) મદદનીશ નિયામક, માર્કેટ ઇન્ટેલીજન્સ.
(૭) નાગરિક પુરવઠા અધિકારી, મુખ્ય મથકો.
(૮) મદદનીશ નાગરિક પુરવઠા અધિકારી, મુખ્ય મથકો.
(૯) પુરવઠા મુખ્ય મથકોના સુપરવાઇઝરો.
(૧૦) પુરવઠાના ઇન્સ્પેકટરો, મુખ્ય મથકો.
(૧૧) તમામ નાગરિક પુરવઠા અધિકારીઓ.
(૧૨) તમામ મદદનીશ નાગરિક પુરવઠા અધિકારીઓ.
(૧૩) પુરવઠાના તમામ સુપરવાઇઝરો.
(૧૪) પુરવઠાના તમામ ઇન્સ્પેકટરો.
(૧૫)તમામ માર્કેટ ઇન્ટેલીજન્સ અધિકારીઓ.
(૧૫)તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ.
(૧૬) ઇન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા તમામ પોલીસ અધિકારીઓ.
(૧૮) ઓરીસ્સા સરકારની વિજીલન્સ શાખા સાથે સંકળાયેલા ઇન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા તમામ પોલીસ અધિકારીઓ.

પંજાબ :-

(૧) મદદનીશ અન્ન પુરવઠા અધિકારી.
(૨) જિલ્લા અન્ન અને પુરવઠા અધિકારી.
(૩) અધિક જિલ્લા અન્ન અને પુરવઠા નિયંત્રક.
(૪) જિલ્લા અન્ન અને પુરવઠા નિયંત્રક.
(૫) નાયબ નિયામક, અન્ન અને પુરવઠા .
(૬) સંયુકત નિયામક, અન્ન અને પુરવઠા.
(૭) અધિક નિયામક, અન્ન અને પુરવઠા.
(૮) નિયામક, અન્ન અને પુરવઠા.

INDEX

રાજસ્થાન :-

(૧) અન્ન કમિશનર.
(૨) અધિક અન્ન કમિશનર.
(૩) તમામ નાયબ કમિશનરો.
(૪) તમામ જિલ્લા પુરવઠા અધિકારીઓ.
(૫) તમામ અધિક જિલ્લા પુરવઠા અધિકારીઓ.
(૬) તમામ મદદનીશ જિલ્લા પુરવઠા અધિકારીઓ.
(૭) ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા તમામ એન્ફોર્સમેન્ટ અધિકારીઓ.
(૮) તમામ એન્ફોર્સમેન્ટ ઇન્સ્પેકટરો.

સિક્કીમ :-

ઇન્સપેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા તોલ અને માપ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

તામિલનાડુ :-

(૧) મદ્રાસ સીટી અને બેલ્ટ વિસ્તારમાં ચેકીંગ ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જા ન હોય એવા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના તમામ અધિકારીઓ.
(૨) મોફુસીલ વિસ્તારમાં નાયબ તેહસીલદારના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા મહેસૂલ વિભાગના તમામ અધિકારીઓ.
(૩) પોલીસ વિભાગના તમામ રાજપત્રિત અકિારીઓ.

ત્રિપુરા :-

(૧) (અન્ન અને નાગરિક પુરવઠા) ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.
(૨) તમામ એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ.
(૩) પોલીસ ઇન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જા ન હોય એવા તમામ પોલીસ અધિકારીઓ.

INDEX

ઉત્તર પ્રદેશ :-

(૧) કમિશનર, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ.
(૨) અધિક કમિશનર, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ.
(૩) નાયબ કમિશનર, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ.
(૪) મદદનીશ કમિશનર, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ.
(૫) વિભાગીય અન્ન નિયંત્રક.
(૬) નાયબ વિભાગીય અન્ન નિયંત્રક.
(૭) નાયબ વિભાગીય માર્કેટીંગ અધિકારી.
(૮) કલેકટર.
(૯) અધિક કલેકટર.
(૧૦) તમામ સબ-ડિવિઝનલ અધિકારીઓ.
(૧૧) તમામ જિલ્લા પુરવઠા અધિકારીઓ અને પ્રાદેશિક અન્ન અધિકારીઓ.
(૧૨) તમામ વિભાગીય અન્ન અધિકારીઓ.
(૧૩) તમામ તેહસીલદાર.
(૧૪) તમામ એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ.
(૧૫)પોલીસ ઈન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા તમામ પોલીસ અધિકારીઓ.
(૧૬) તમામ બ્લોક વિકાસ અધિકારીઓ.
(૧૭) તમામ (નાયબ) તેહસીલદારો.
(૧૮) પુરવઠા ઈન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા અન્ન વિભાગના તમામ અધિકારીઓ.

પશ્ચિમ બંગાળ :-

(૧) ઈન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા અન્ન અને પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.
(૨) તમામ રાજપત્રિત પોલીસ અધિકારીઓ.
(૩) તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ/સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ.

INDEX

ચંદીગઢ સંઘ રાજયક્ષેત્ર :-

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ.
(૨) સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ.
(૩) તમામ એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ.
(૪) જિલ્લા અન્ન અને પુરવઠા અધિકારી.
(૫) મદદનીશ અન્ન અને પુરવઠા અધિકારી.
(૬) અન્ન અને પુરવઠા ઇન્સ્પેકટર.
(૭) ઇન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા તમામ રાજપત્રિત પોલીસ અધિકારીઓ.

દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર :-

ઇન્સ્પેકટરના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા અન્ન, પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તમામ અધિકારીઓ.

દાદરા અને નગર હવેલી સંઘ રાજયક્ષેત્રે :-

ખરીદ અને પુરવઠા અધિકારી.

દમણ અને દીવનો સંઘ રાજયક્ષેત્ર :-

(૧) નાયબ કલેકટર, નાગરિક પુરવઠા વિભાગ, દમણ.
(૨) કલેકટર, દીવ.
(૩) મામલતદાર, દીવ.
(૪) તમામ રાજપત્રિત પોલીસ અધિકારીઓ.

પોંડિચરી સંઘ રાજક્ષેત્ર :-

(૧) પોલીસ વિભાગના તમામ રાજપત્રિત અધિકારીઓ.
(૨) નાયબ તેહસીલદારના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા મહેસૂલ ખાતાના તમામ અધિકારીઓ.
(૩) નાગરિક પુરવઠા અધિકારીઓના દરજજાથી ઉતરતા દરજજાના ન હોય એવા નાગરિક પુરવઠા વિભાગના તમામ અધિકારીઓ.

INDEX

આંદામાન અને નિકોબાર સંઘ રાજયક્ષેત્ર :-

પુરવઠા વિભાગના નાગરિક પુરવઠાના ઇન્સ્પેકટર (મુખ્ય મથક)

સરકારી ઓઇલ કંપનીઓ :-

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ, ધી હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને આઇબીપી કંપની લિમિટેડના તમામ જનરલ મેનેજરો, નાયબ જનરલ મેનેજરો, ડિવિઝનલ મેનેજરો/પ્રાદેશિક મેનેજરો, સીનીયર મેનેજરો, નાયબ મેનેજરો, સીનીયર વેચાણ અધિકારીઓ અને વેચાણ અધિકારીઓ.

(પી. ૧૧૦૧૩/૩/૯૩-ડિસ્ટ/એમકેટી.)
દેવી દયાલ, સંયુકત સચિવ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જી. એમ. અજબાણી,
સેકશન અધિકારી.

INDEX

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૫

ક્રમાંક. સીએચટીએચ-૯૫-૪૧-કેએસએન-૧૦૯૩-જીઓઆઈ-૪૩-બ :- ભારત સરકારના ખનીજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી-એ બહાર પાડેલ નીચેનું જાહેરનામું લોકોની સામાન્ય જાણ સારૂં પુનઃ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જાહેરનામું.

ભારત સરકાર,

ખનીજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય,

નવી દિલ્હી, તારીખ. ૧૯મી જુન, ૧૯૯૫.

જી.એસ.આર.૫૦૯(ઇ) :- આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ વધુ સુધારવા નીચેનો હુકમ કરે છે :-

૧. (૧) આ હુકમ કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) (સુધારા) હુકમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩માં,-

(૧) ખંડ ૭ અને તેને સંબંધિત નોંધો પછી, નીચેનો ખંડ અને નોંધો દાખલ કરવી :-

" ૭ક- સમાન માર્કેટીયરની આકારણી અને પ્રમાણીકરણ /રેટીંગ બાબત.

(૧) (ક) કોઈપણ સમાન માર્કેટીયર, આ હુકમની અનુસુચિ-કમાં યાદીમાં જણાવેલ એજન્સી દ્વારા તેની ક્ષમતા, માળખાકીય તંત્ર અને વ્યવસાયિક કામકાજ હાથ ધરવાની અને વચન મુજબ માલ અને સેવા પૂરી પાડવાની તત્પરતા માટેના તેના મૂલ્યાંકન અને રેટીંગના આધારે, રેટીંગ પ્રમાણપત્ર મેળવ્યા સિવાય, કેરોસીન કામકાજના સંબંધમાં કોઈપણ પ્રવૃત્તિ જેવી કે આયાત, હેરફેર, માર્કેટીંગ, વિતરણ, વેચાણ અથવા તેને આનુષંગિક કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરી શકશે નહિઃ

પરંતુ સમાન માર્કેટીયર કે જે આ હુકમના આરંભ પહેલાં, એવી કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરે તેણે ત્રણ માસની અંદર, સદરહુ એજન્સી પાસે પોતાનું મૂલ્યાંકન અને રેટીંગ કરાવવું જોઈશે.

INDEX

(ખ) રેટીંગ પ્રમાણપત્ર, આ હુકમની અનુસૂચિ-ખમાં ઠરાવ્યા પ્રમાણેના માળખામાં અને અનુસૂચિ-ગમાં આપેલ રવાનગી પત્ર મુજબ કાઢી આપવામાં આવશે.

(ગ) રેટીંગ પ્રમાણપત્ર,-

(૧) તે કાઢી આપ્યાની તારીખથી એક વર્ષની મુદત સુધી માન્ય ગણાશે, અને

(૨) તે, દર વર્ષે રેટીંગ એજન્સી દ્વારા ફરી તાજુ કરાવવાનું રહેશે.

(૨) વર્તમાનપત્ર, હસ્તપત્રિકા, ચોપાનિયા, પત્રિકા અથવા સંદેશાવ્યવહારના બીજા કોઈપણ સાધન દ્વારા પોતાની પ્રવૃત્તિની વિગતો જાહેર કરતાં અથવા કેરોસીનની આયાત, હેરફેર, માર્કેટીંગ, વિતરણ અથવા વેચાણના ક્ષેત્રમાં કોઈપણ જાતની દરખાસ્ત મંગાવતા અથવા જાહેર ખબર આપતા દરેક સમાન માર્કેટીયરે તેને આપવામાં આવેલ રેટીંગનો નિર્દેશ કરવો જોઈશે અને રેટીંગ એજન્સીએ આપ્યા પ્રમાણેનું રેટીંગ પ્રમાણપત્ર તરત નજર પડે તેવી રીતે પ્રસિધ્ધ કરવું જોઈશે.

(૩) રેટીંગ એજન્સીને કરેલી દરેક અરજીના સંબંધમાં-

(૧) સમાન માર્કેટીયરને આપેલ રેટીંગ પ્રમાણપત્ર માટે, ઓછામા ઓછા પચાસ હજાર રૂપિયા અને વધુમાં વધુ દસ લાખ રૂપિયાને અધીન રહીને, પ્રોજેકટ ખર્ચના ૦.૦૫%ના દરે ફી ચુકવવી જોઈશે; અને

(૨) સમાન માર્કેટીયરે રેટીંગ પ્રમાણપત્ર તાજુ કરાવવા માટે, એવા પ્રમાણપત્ર માટે ચૂકવવાની જરૂરી ફીની એક દશાંશ જેટલી ફી ચૂકવવી જોઈશે.

(૪) મૂલ્યાંકનના હેતુ માટે યાદીમાં જણાવેલ એજન્સીએ, સમાન માર્કેટીયરે ફી ચુકવ્યે, જેના કેસનો તેને ઉલ્લેખ કરવામાં આવ્યો હોય અથવા જે તેનો સંપર્ક કરે તેવા દરેક સમાન માર્કેટીયરનું બીજી બાબતોની સાથોસાથ આ હુકમની અનુસૂચિ-ઘમાં આપેલ પ્રોફોર્મામાં આવા સમાન માર્કેટીયરે આપવાની માહિતી અને રેટીંગ એજન્સી મંગાવ્યા પ્રમાણેની આવી બીજી માહિતી અને નિર્દેશ કરેલ પેરામીટરના આધારે, મૂલ્યાંકન કરવું જોઈશે.

(૫) દરેક સમાન માર્કેટીયરે, રેટીંગ પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી ખરી નકલ ખનીજ તેલ અને કુદરતી વાયુ મંત્રાલય, તેલ સંકલન સમિતિ, કેન્દ્ર અને રાજય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રાલય અને જે જિલ્લામાં તે, કેરોસીનની આયાત કરતો હોય, હેરફેર કરતો હોય, માર્કેટીંગ કરતો હોય, વિતરણ કરતો હોય અથવા વેચાણ કરતો હોય તે જિલ્લાના કલેકટર પાસે ફાઈલ કરવી જોઈશે. સમાન માર્કેટીયરના તમામ લેટર હેડ અથવા પત્રવ્યવહારમાં રેટીંગનું નીચેનું વર્ણન હોવું જોઈશે :-

(૧) રેટીંગ એજન્સીનું નામ;

(૨) તેને અપાયેલ રેટીંગ; અને

(૩) કાઢી આપ્યાની તારીખ.

(૬) કોઈપણ સમાન માર્કેટીયરે વર્તમાન પત્ર, હસ્તપત્રિકા, ચોપાનિયા, પત્રિકા અથવા જાહેરખબરમાં અધુરી, ખોટી, ગેરમાર્ગે દોરતી અથવા અસ્પષ્ટ માહિતી આપવી જોઈશે નહિ અથવા એવી માહિતી રેટીંગ એજન્સીને રજૂ કરવી જોઈશે નહિ.

(૨) ખંડ ૧૨ અને તેને સંબંધિત નોંધો પછી, નીચેની અનુસૂચિઓ અને નોંધો ઉમેરવી :-

INDEX

અનુસૂચિ-ક

[(ખંડ ૭ક (૧) (ક)]

સમાન માર્કેટીયરના મૂલ્યાંકન/ રેટીંગ માટેની એજન્સીઓના નામ અને સરનામા.

	નામ.	સરનામું.
૧.	ક્રિસીલ (CRISIL) (ધી ક્રેડિટ રેટીંગ ઇન્ફોરમેશન સર્વિસીસ ઓફ ઇન્ડીયા લિ.)	નિર્લોન હાઉસ, બીજો માળ, ૨૫૪બી, એની બેસન્ટ રોડ, વરલી, મુંબઇ-૪૦૦૦૨૫.
૨.	કેર (CARE) (ક્રેડિટ એનાલીસીસ એન્ડ રિચર્સ લિ.)	આરબીસી, મહિન્દ્ર ટાવર્સ, ૫મો માળ, રોડ નં. ૧૩, વરલી, મુંબઇ-૪૦૦૦૧૮
૩.	એમડીઆરએ (MDRA) (માર્કેટીંગ એન્ડ ડેવલપમેન્ટ રિસર્ચ એસોસિયેટ્સ)	સેકયુલર હાઉસ, ૯/૧, ઇન્સ્ટીટયુશનલ એરિયા, JNU ની સામે, નવી દિલ્હી-૬૭.
૪.	આઇસીઆરએ (ICRA) (ઇન્વેસ્ટમેન્ટ ઇન્ફોરમેશન ક્રેડિટ રેટીંગ એજન્સી ઓફ ઇન્ડિયા લિ.)	કૈલાશ બિલ્ડીંગ, ૪થો માળ, ૨૬, કસ્તુરબા ગાંધી માર્ગ, નવી દિલ્હી-૧.

INDEX

અનુસૂચિ-ખ.

[જુઓ કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩નો ખંડ ૭ક (૧) (ખ)]

કાઢી આપ્યા તારીખ : .....

પેઢી/ કંપનીનું નામ :-
રજિસ્ટર્ડ ક્ચેરીનું સરનામું :-
પ્રમોટર/ ચેરમેન/ મેનેજીંગ ડિરેકટરનું નામ :-
પ્રવૃત્તિઓ :-
બેંકર્સની વિગતો :-

એકંદર રેટીંગ :

રેટીંગનું ધોરણ.

૧. સારૂં
૨. સંતોષકારક
૩. ઓછું જોખમી
૪. ભારે જોખમી

રેટીંગ એજન્સીની સહી અને સિકકો.

INDEX

અનુસૂચિ-ગ

[જુઓ ખંડ ૭ક (૧) (ખ)]

જેને સંબંધિત હોય તેના માટે રેટીંગ પ્રમાણપત્ર માટેનો રવાના પત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અમે, મેસર્સ .....** .....નું કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ની જોગવાઈઓ અનુસાર તેમને પ્રમાણપત્ર અને રેટીંગ આપવાના હેતુ માટે મૂલ્યાંકન કરેલ છે.

અમે, આ પ્રમાણપત્ર આપવાના હેતુ માટે અમારી ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે જરૂરી હતી તે તમામ માહિતી અને ખુલાસા મેળવેલ છે. અમે કાઢી આપેલ આ પ્રમાણપત્ર, દસ્તાવેજો, રેકર્ડની તપાસ અને અમે મેળવેલ માહિતીની ચકાસણી અને સમાન માર્કેટીયરની ક્ષમતા ,માળખાકીય તંત્રનું મૂલ્યાંકન અને વ્યાવસાયિક કામકાજ હાથ ધરવાની તૈયારી અને તેણે આપેલ વચન મુજબ માલ અને સેવા પૂરી પાડવાના પરિણામે છે. અમને એવી ખાતરી થઇ છે કે અમને મળેલ અને અમે એકઠી કરેલી માહિતી અને વિગતો અમારા માટે મેસર્સ ..... ** .....ને ઠરાવ્યા પ્રમાણે રેટીંગ આપવાનું મૂલ્યાંકન કરવા માટે પૂરતી છે. મેસર્સ .....** ..... ને ..... રેટીંગ આપવામાં આવે છે.

મેસર્સ .....** ..... વિષેની મુખ્ય હકીકતો નીચે પ્રમાણે છે :-

૧. આયોજન કરેલ કુલ મૂડી રોકાણ.
૨. આજ દિન સુધી કરેલ કુલ મૂડી રોકાણ.
૩. પ્રમોટરની મૂડી.
૪. કામગીરીનો વિસ્તાર.
૫. શરૂ થવાની સૂચિત / સંભવિત તારીખ.
** અહીં સમાન માર્કેટીયરનું નામ જણાવવું.

(રેટીંગ એજન્સીની સહી અને સિકકો)

INDEX

અનુસૂચિ-ઘ

[(જુઓ ખંડ ૭ ક(૪) અને (૬)]

રેટીંગ એજન્સી દ્વારા મૂલ્યાંકન/રેટીંગ માટે સમાન માર્કેટીયરે સાદર કરવાની માહિતીનો પ્રોફોર્મા.

પેરા મીટર્સ	વિગતો *

૧. કંપનીની બજારમાં સ્થિતિ :

ક. પેઢીની રચના

ખ રજિસ્ટર્ડ કચેરી

ગ વિદ્યમાન ધંધાનું સ્થળ અને સરનામા.

ઘ પ્રમોટર્સ/ડાયરેકટર/ભાગીદારોના નામ.

ચ. પ્રમોટરો/ડાયરેકટરો/ભાગીદારોની પશ્ચાદ્‌ભૂમિકા અને સંપૂર્ણ પૂર્વ ઈતિહાસ.

છ. પ્રમોટર્સ/ડાયરેકટરો/ભાગીદારોની ચોખ્ખી સંપત્તિ.

જ. હાલની પ્રવૃત્તિ.

ઝ. સમાન માર્કેટીયર અને/ અથવા તેની કંપનીઓના જૂથની વિદ્યમાન કામગીરીની વિગતો .

ટ. પ્રમોટર્સની રચનાની વિગતો સાથે સંબંધિત પ્રમોટર પેઢી અને જૂથના ત્રણ વર્ષના ઓડિટ થયેલા હિસાબો.

ઠ. સૂચિત યોજનાની માહિતી સાથે સમાન માર્કેટીંગને લગતા નવા ધંધા માટે જરૂરી ચાલુ મૂડી.

ડ. ખર્ચ, સમય, પ્રોજેકટના પ્રકાર અને સંકળાયેલ ટેકનોલોજીના સંબંધમાં અગાઉ હાથ ધરેલ વિશિષ્ટ પ્રોજેકટના અમલીકરણનું રેકર્ડ.

ઢ. ધંધાકીય યોજનાઓ અને અપેક્ષિત નાણાનો પ્રવાહ.

ત. વિદ્યમાન અને સૂચિત ધંધા માટે ફંડના સ્ત્રોત.

થ. આવકવેરા કલીયરન્સ પ્રમાણપત્ર સહિત તેની બીજી જૂથની કંપનીઓમાં સમાન માર્કેટીયરનો છેલ્લા ત્રણ વર્ષનો હિસાબ.

INDEX

૨. <u>કેરોસીન માટે માર્કેટીંગ યોજના:</u>

૨.૧ <u>કેરોસીનનો સ્રોત ઉભો કરવા/હાથ ધરવા માટેનું માળખું</u>

ક. જાણીતું આયાત સ્થળ.

ખ. આયાત પાર્સલોનું સુચિત માપ.

ગ. મંજૂરીની સ્થિતિ (બંદરો/ વૈધાનિક/ રાજય સરકાર/મુખ્ય સ્ફોટક પદાર્થ/પર્યાવરણ નિયંત્રક/ ચોતરફી તંત્ર સ્થાનિક સત્તામંડળો પાસેથી મેળવેલ ગુણાંકો).

ઘ. પ્રગતિની સ્થિતિ.

ચ. ટેકનોલોજિકલ જોડાણ, કોઇ હોય તો, તેની વિગતો.

છ. ધંધાકીય દરખાસ્તો/પ્રોજેકટની અનુકૂળતા અંગેનો રિપોર્ટ, નાણાકીય વિગતો અને નાણાકીય જોખમોનું પૃથકકરણ.

૨.૨ (પોતાની સુવિધાઓ માટે આયોજન કરેલ ન હોય તો)
વાણિજિયક વ્યવસ્થા અને/ અથવા કેરોસીન માટેનું સહકારી સંગઠન.

ક. આયાતકાર સાથે આખરી કરેલ જોડાણ સંબંધી વ્યવસ્થા.

ખ. એવા જોડાણ માટે સમર્થનવાળા કબુલાતો/દસ્તાવેજો.

ગ. લઘુત્તમ જામીનગીરી સાથે આયાત કરવાની પ્રોડકટની માત્રા.

ઘ. આયાત સ્થળ/બંધન કબુલાત વખતે પ્રોડકટના સંગ્રહ અને હાથ ધરવાની વિગતો.

ચ. જોડાણ કબૂલાતનો અમલ કરાય તે કિસ્સામાં, અછતને પહોંચી વળવા માટેની પછીની વ્યવસ્થા.

૩. <u>આયોજિત કેરોસીન માટે સંગ્રહ અને વિતરણ વ્યવસ્થા</u> :-

ક. પોતાની ક્ષમતા સહિત ડેપોની સંગ્રહ સુવિધાની વિગતો.

ખ. ઉપર જણાવેલ બાબતોની પ્રગતિની સ્થિતિ.

ગ. પ્લાન્ટ અને સાધનો/ટેકનોલોજિકલ વિગતો.

ઘ. માનવશકિતની અને પ્રોડકટ હાથ ધરવાની વ્યવસ્થાની વિગતો.

ચ. આ સુવિધાઓના બાંધકામ અને તેના સંચાલન માટેની ડિઝાઇન અને અનુસરવાના ધોરણોની વિગતો.

છ. સુવિધાઓ માટે મંજૂરીની સ્થિતિ.

જ. કેરોસીન સંગ્રહ સુવિધા, સંગ્રહ માટેના લાઇસન્સના અધિનિયમ, વિનિયમો/શરતોને અનુરૂપ છે કે કેમ?

INDEX

૪. વપરાશ કેન્દ્રો/બજાર સુધી પ્રોડકટ પહોંચાડવા માટે આયોજિત વ્યવસ્થા.

ક. યોજેલ/અગાઉથી નકકી કરેલ વિતરકતંત્રની વિગતો.

ખ. વિતરકોની નિમણૂક માટેના ધોરણની વિગતો.

ગ. મંજૂરીની સ્થિતિ સહિત આયોજિત/વિદ્યમાન શોરૂમ/સેલ્સ રૂમ/ ઑફિસ અને ગોડાઉનની વિગતો.

ઘ. કેરોસીન માટેનો વપરાશ કેન્દ્ર નજીક/ દેશના અંદરના ભાગ ખાતે કામે રાખવાની માનવશકિતની વિગતો.

ચ. કેરોસીન માટેના વપરાશ કેન્દ્ર નજીક/દેશના અંદરના ભાગ ખાતે આયોજિત સંગ્રહની વિગતો.

છ. વિતરકના ગોડાઉન અને ગ્રાહક વચ્ચેની વિતરણની વ્યવસ્થાની વિગતો.

૫. પ્રોડકટની જાણકારી અને તાલીમ :-

ક. પ્રોડકટ (કેરોસીન)ના સંચાલનનું જ્ઞાન અને તેની હેરફેર.

ખ. કેરોસીનમાં સલામતી અંગેની જરૂરિયાતોને પહોંચી વળવા માટેની ક્ષમતા અને તૈયારી

ગ. સાધનો/પ્રોડકટની સલામત હેરફેર અંગે સ્ટાફ અને ગ્રાહકોને તાલીમ આપવા માટેની યોજના.

ઘ. સ્ટાફ/(કર્મચારીગણ)ની ભરતી માટેની નીતિ અને ધોરણો.

ચ. કેરોસીન નિયંત્રણ હુકમો, સ્ફોટક પદાર્થ નિયમો અને લાગુ પડતા બીજા સ્થાનિક અધિનિયમોની જાણકારી.

૬. **અપનાવવા ધારેલી માર્કેટીંગના સિધ્ધાંતો અને માર્ગદર્શિકા :-**

ક. વિતરકો/ટ્રાન્સપોર્ટરો અને ડિલીવરી કરનાર માણસો માટેની આચાર સંહિતા.

ખ. પ્રોડકટમાં ભેળસેળ અને અનધિકૃત ફેરફારની દેખરેખ અને નિયમન કરવાની પધ્ધતિ.

૭. **કેરોસીનના સમાન માર્કેટીંગના બદલે સૂચિત જગા. :**

ક. સંગઠનના માળખાની વિગતો.

ખ. પ્રમોટરના વહીવટી સંડોવણી (મેનેજરીયલ ઇન્વોલ્વમેન્ટ) નું સ્તર.

ગ. માળખા સહિત કેરોસીનના સમાંતર માર્કેટીંગ માટે ધિરાણનું સ્રોત.

ઘ. સમાન માર્કેટીયર પૂરી પાડી શકે તેવી બીજી કોઇપણ સંબંધિત વિગતો.

INDEX

૮. <u>નાણાકીય વચનબધ્ધતા</u> :-

ક. કુલ અંદાજિત પ્રોજેકટ ખર્ચ.

ખ. આયોજિત (ફેઝ દીઠ) સાધન સંપત્તિ- જમાવટ

ગ. ..... તારીખે કરેલા રોકાણ અને વ્યવસ્થા કરેલ સાધનસંપત્તિ

ઘ. ઉપર ક. ખ અને ગની સાબિતી.

* જરૂરી હોય તો વધારાના કાગળો જોડવા.

તારીખઃ

તારીખ.

સહી .....

મેસર્સ. .....

(સમાન માર્કેટીયર)

સરનામું. .....

.....

.....

<u>નોંધ</u> :- મુખ્ય હુકમ ભારતના રાજપત્રમા તારીખ. ૨જી, સપ્ટેમ્બર, ૧૯૯૩ના કમાંક. જીએસઆર. ૫૮૪(ઇ) પ્રમાણે પ્રસિધ્ધ કર્યો હતો.

(ફાઇલ નંબર. પી-૪૫૦૧૧/ ૨/૯૫/એમકેટી)

દેવી દયાલ,

સંયુકત સચિવ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જી. એમ. અજબાણી,

સેકશન અધિકારી.

INDEX

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ
જાહેરનામું
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓગષ્ટ, ૧૯૯૬

ક્રમાંક : સીએચટીએચ-૯૬-૧૪-કેએસએન-૧૦૯૩-જીઓઆઈ-૪૩-બી :- ભારત સરકારના ખનીજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી-એ બહાર પાડેલ નીચેનું જાહેરનામું લોકોની સામાન્ય જાણ સારુ પુનઃપ્રસિધ્ધ કરવામાં આવે છે.

જાહેરનામું

ભારત સરકાર,
ખનીજતેલ અને કુદરતી વાયુમંત્રાલય,
નવી દિલ્હી, તારીખ : ૮મી માર્ચ, ૧૯૯૬.

જી.એસ.આર.૧૨૬ (ઈ) :- આવશ્યક ચીજ વસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા) ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ વધુ સુધારવા નીચેનો હુકમ કરે છે :-

૧. (૧) આ હુકમ કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) (સુધારા) હુકમ, ૧૯૯૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩માં,-

(૧) ખંડ ૭ ક માં, પેટા-ખંડ (૧) (ક) ના પરંતુક પછી, નીચેનો પરંતુક અને "સ્પષ્ટીકરણ" દાખલ કરવા :-

" વધુમાં જેણે રેટીંગ પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા બીજા સમાન માર્કેટીયરના એજન્ટ તરીકે કેરોસીનની હેરફેર, વિતરણ અથવા વેચાણનું કામકાજ કરતા સમાન માર્કેટીયરે રેટીંગ પ્રમાણપત્ર મેળવવાનું જરૂરી રહેશે નહિ.

INDEX

સ્પષ્ટીકરણ :- આ ખંડના હેતુ માટે, એક સમાન માર્કેટીયર બીજા સમાન માર્કેટીયરના એજન્ટ હોવાનું ગણાશે, જો અગાઉનાને, પછીનાએ ઉપરના હેતુઓ માટે કાનુની ખતથી એવા એજન્ટ તરીકે નીમ્યા હોય તો,

(૨) ખંડ ૧૧ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

૧૧. મુકિત આપવાની સત્તા :- કેન્દ્ર સરકાર, કોઈપણ હાડમારી દૂર કરવા માટે અથવા જાહેર હિતને ધ્યાનમાં લઈને, પોતે જરૂરી ગણે તો, રાજપત્રમાં - જાહેરનામાથી, કોઈપણ વ્યકિતને અથવા વ્યકિતઓના વર્ગને સામાન્ય અથવા કોઈપણ નિર્દિષ્ટ હેતુ માટે, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, આ હુકમની તમામ અથવા કોઈપણ જોગવાઈઓમાંથી મુકિત આપી શકાશે.

ફાઈલ નંબર.પી-૪૫૦૧૧/૨/૯૫-એમકેટી)

દેવી દયાલ,
સંયુકત સચિવ.

પાદ ટીપ :

મુખ્ય હુકમ ભારતના રાજપત્રમાં તારીખ : ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૩ના ક્રમાંક. જી.એસ.આર.૫૮૪ (ઈ) પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો અને ત્યારપછી નીચે પ્રમાણે સુધારેલ છે.

૧. તારીખ : ૧૯મી જુન, ૧૯૯૫નો ક્રમાંક. જી. એસ. આર. ૫૦૯ (ઈ)

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જી. કે. રાઠોડ,
સેકશન અધિકારી.

INDEX

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮

ક્રમાંકઃ જીટીએચ-૯૮-૪૬-કેએસએન-૧૧૯૮-૨૫૭૬-બી :- ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારે બહાર પાડેલ નીચેનો હુકમ લોકોની સામાન્ય જાણ સારૂં પુનઃપ્રસિધ્ધ કરવામાં આવે છે :-

હુકમ

ભારત સરકાર,

ખનિજતેલ અને કુદરતી વાયુ મંત્રાલય,

નવી દિલ્હી, ૨૧મી ઓકટોબર, ૧૯૯૮.

જી.એસ.આર.૬૩૮(ઇ) :- આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, કેન્દ્ર સરકાર, આથી, કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩ સુધારવા નીચેનો હુકમ કરે છે :-

૧. (ક) આ હુકમ કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) (સુધારા) હુકમ, ૧૯૯૮ કહેવાશે.

(ખ) તે, રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. કેરોસીન (ઉપયોગ ઉપર નિયંત્રણ અને ટોચની કિંમત નકકી કરવા બાબત) હુકમ, ૧૯૯૩માં, -

(ક) કલમ ૨ માં, બાબત (ઝ) માં, " આયાત" એ શબ્દને બદલે, " આયાત, સંગ્રહ" એ શબ્દો મૂકવા;

(ખ) કલમ ૨ માં, બાબત (ટ) માં, " આયાત" એ શબ્દને બદલે, " આયાત, સંગ્રહ" એ શબ્દો મૂકવા;

(ગ) કલમ ૩ પછી, નીચેની કલમો દાખલ કરવીઃ-

" ૩ ક સમાન માર્કેટીંગ પધ્ધતિ હેઠળ આયાત કરેલ કેરોસીનના વેચાણ અને ઉપયોગ ઉપર નિયંત્રણ.

કોઇપણ વ્યકિત, સમાન માર્કેટીંગ પધ્ધતિ હેઠળ આયાત કરેલ કેરોસીન મોટર વાહનમાં બળતણ તરીકે અથવા બળતણના ગુણમાં ફેરફાર કરનાર પદાર્થ (એડીટીવ) તરીકે વેચી શકશે નહિ અથવા ઉપયોગ કરી શકશે નહિ"

૩૮. " અનધિકૃત વ્યકિતઓએ કેરોસીનના વેચાણ કરવા ઉપર નિયંત્રણ :- વેપારી સિવાયની કોઇપણ વ્યકિત, સરકારી ઓઇલ કંપની અથવા સમાન માર્કેટીયર કોઇ વ્યકિતને કેરોસીન વેચી શકશે નહિ."

(ઘ) (૧) કલમ ૭ માં, બાબત (ગ) પછી, નીચેની બાબતો દાખલ કરવી :-

INDEX

"(ઘ) સમાન માર્કેટીયરે, પોતે જેને આવું કેરોસીન વેચે તે ઔદ્યોગિક ગ્રાહકો પાસેથી આખરી ઉપયોગ અંગેનાં (ઉપયોગાંત) પ્રમાણપત્રો ફાઈલ કરવા જોઈશે અને ગ્રાહક દીઠ વેચાણો, રાજય નાગરિક પુરવઠા સત્તામંડળો, તે જે નામે ઓળખાતા હોય, તેને ત્રૈમાસિક ધોરણે પૂરા પાડવા જોઈશે."

(ચ) સમાન માર્કેટીયરે, આયાત કરેલ કેરોસીન, બંદર ઉપરના (સ્ટોરેજ ઈન્ફાસ્ટ્રકચર)સંગ્રાહક આંતર-માળખામાં ઉતારવામાં આવે અથવા કોઈ વ્યકિતને

વેચવામાં આવે તે પહેલાં, તે કેરોસીન તમામ રીતે ભારતીય માનક સંસ્થાના વિગતવર્ણન ક્રમાંક. આઈએસ-૧૪૫૯ પ્રમાણેનું છે તે સુનિશ્ચિત કરવા માટેના ગુણવત્તા પરીક્ષણો કરવામાં આવેલ છે, તે સુનિશ્ચિત કરવું જોઈશે.".

(૨) બાબત (ક) માં, " આયાત" એ શબ્દને બદલે, " આયાત, સંગ્રહ" એ શબ્દો મૂકવા;

(ચ) કલમ ૭ ક માં,-

(૧) પેટા-કલમ (૧) માં, બાબત (ક) માં, " આયાત" એ શબ્દને બદલે, "આયાત, સંગ્રહ" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૧) માં, બાબત (ક) માં, પરંતુક કમી કરવો;

(છ) કલમ ૧૧ ને બદલે, નીચેની કલમ મૂકવી :-

" ૧૧. **મુકિત આપવાની સત્તા** :-

કેન્દ્ર સરકાર, જાહેર હિતમાં પોતે જરૂરી ગણે તો, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ વ્યકિત અથવા વ્યકિતઓના વર્ગને, આ હુકમની તમામ અથવા તે પૈકીની કોઈ જોગવાઈમાંથી, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી કોઈ શરત હોય, તો તેને અધીન રહીને મુકિત આપી શકશે.".

(ફાઈલ ક્રમાંક. પી-૧૧૦૧૩/૩/૯૮-ડીસ્ટ)

દેવી દયાલ,
અધિક સચિવ.

પાદટીપ : મુખ્ય હુકમ, સન ૧૯૯૩ ના સપ્ટેમ્બર મહિનાની ૨૭ તારીખે ભારતના રાજપત્રમાં, ક્રમાંક : જીએસઆર.૫૮૪(ઈ) થી પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો અને ત્યારપછી નીચે પ્રમાણે સુધારવામાં આવ્યો હતો.

(૧) તારીખ : ૧૯/૬/૧૯૯૫ નો ક્રમાંક. જીએસઆર. ૫૦૯ (ઈ),

(૨) તારીખ : ૧૨/૩/૧૯૯૬ નો ક્રમાંક. જીએસઆર. ૧૨૬ (ઈ)

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જી. કે. રાઠોડ,
સેકશન અધિકારી

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 87

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] FRIDAY, JUNE 7, 2002/JYAISTHA 17, 1924

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૭ –૬–૨૦૦૨

ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૨૦૦૨

વિષય : જિલ્લા / તાલુકા પંચાયતોની સને ૨૦૦૨ની સ્થિતિની મૂળ મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા બાબત.

આદેશ

૧. રાજ્યની જિલ્લા / તાલુકા પંચાયતોની ચૂંટણી માટે મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર તરફથી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪માં જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૭, ૧૮ તથા ૨૦ (૧) અન્વયે ગુજરાત રાજયની તમામ જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની વિભાગવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કલમ ૨૦ (૨) તથા ૨૦ (૭) પ્રમાણે રાજય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૩. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદી ઉપરથી જિલ્લા / તાલુકા પંચાયતોની મતદાર મંડળદ્વાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા માટે રાજય ચૂંટણી પંચ તરફથી આદેશ ક્રમાંક : રાચય-ચટણ-જીતાપંચાયત-મતઅ-૯૫, તા.૨-૩-૯૫ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચય-ચટણ-જિતાપં-મનઅ-૯૫, તા.૨૪-૩-૯૫ થી સંબંધકર્તા વિસ્તારો માટે નિર્દિષ્ટ સત્તાધિકારી તરીકે સંબંધકર્તા તાલુકા મામલતદારને નિયુક્ત કરવામાં આવેલ છે.

૪. ભારતના ચૂંટણી પંચે તા. ૧-૧-૨૦૦૨ ની લાયકાત તારીખના સંદર્ભમાં ગુજરાત વિધાનસભા મત વિભાગની મતદારયાદીની ખાસ વિસ્તૃત સુધારણાં હાથ ધરી વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ કરેલ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ,૨૦ અનુસાર ગુજરાત વિધાનસભા મત વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી રાજયની તમામ જીલ્લા/તાલુકા પંચાયતોની મતદાર યાદીઓ તૈયાર કરવી જરૂરી બનેલ છે. આથી, ગુજરાત વિધાનસભા મત વિભાગની સને ૨૦૦૨ ની સ્થિતિની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદી ઉપરથી તમામ જીલ્લા/તાલુકા પંચાયતોની મતદાર વિભાગ મુજબની મતદાર યાદીઓ તૈયાર કરવા નીચે પ્રમાણેની કાર્યવાહી કરવા મતદાર નોંધણી અધિકારીઓને સુચના આપવામાં આવે છે. આ કાર્યવાહી તા. ૩૧-૭-૨૦૦૨ સુધીમાં પુર્ણ કરી રાજય ચુંટણી પંચને પુર્તતા અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવે છે. કાર્યવાહી પુરી થયે રાજય ચુંટણી પંચ મતદારયાદીઓની પ્રસિધ્ધિની કાર્યવાહી માટે વિગતવાર કાર્યક્રમ આપશે.

૫. મતદારયાદીઓ નીચે જણાવેલ સુચનાઓ અનુસાર તૈયાર કરવા નક્કી કરવામાં આવે છે.

(૧) ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની સને ૨૦૦૨ ની સ્થિતિની આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીને આધારભૂત ગણી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે.

(૨) ગુજરાત વિધાનસભાની મતદાર વિભાગની મતદારયાદી ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની મતદારયાદી નીચેની સુચનાઓ મુજબ વિભાગવાર તૈયાર કરવાની રહેશે.

૧. રાજય ચૂંટણી પંચના તા.૧૨-૩-૯૮ના આદેશથી નક્કી કરેલ નમૂના નંબર-૨ પ્રમાણે મતદાર મંડળમાં સમાવિષ્ટ કરેલ ગામોની ગામવાર મતદારયાદી તૈયાર કરવાની છે અને મતદારયાદીમાં સામાન્યતઃ વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીમાં રાખેલ હોય તેટલા મતદારોનો સમાવેશ કરવાનો રહેશે. તેના કરતા વધુ મતદારોના એ જ વિભાગમાં સમાવેશ કરવાનો નથી પરંતુ તેના માટે બીજો વિભાગ બનાવવાનો રહેશે અને તે રીતે દરેક વિભાગના મતદારોને ક્રમ નંબર ૧ થી સળંગ આપવાના રહેશે. વિધાનસભાની મતદારયાદીના એક જુથ / વિભાગમાં બે ગામોના મતદારોનો સમાવેશ કરેલો હોય અને જો બન્ને ગામો તાલુકા પંચાયતના એક જ મતદાર મંડળમાં સમાવિષ્ટ હોય તો ઉપર પ્રમાણે મતદારયાદી તૈયાર કરવાની રહેશે. જો બન્ને ગામો તાલુકા પંચાયતના અલગ અલગ મતદાર મંડળમાં સમાવિષ્ટ હોય તો બન્ને ગામોના મતદારો જુદા પાડી જે તે ગામોની યાદીમાં મતદારોના ક્રમ નંબર ૧ થી શરૂ કરી સળંગ આપવાના રહેશે અને તેને અલગ વિભાગ નંબર આપવાનો રહેશે. દા.ત. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધજાળા અને સેજકપુર ગામોના મતદારોની વિધાનસભાના મતદાર વિભાગ-૧૦ ચોટીલાના ભાગ નંબર ૧૫૧/૧૯૦માં સમાવેશ થયેલ છે પરંતુ આ બન્ને ગામો તાલુકા પંચાયત સાયલાના ૨-ધજાળા

INDEX

તથા ૧૩–સેજકપર મતદાર મંડળમાં સમાવેશ થયા છે. આથી તાલુકા પંચાયત સાયલાની મતદારયાદી તૈયાર કરવામાં વિધાનસભા મતદાર વિભાગના ભાગ નંબર ૧૫૧/૧૯૦ના બન્ને ગામોના મતદારો અલગ કરીને દરેક યાદીમાં ક્રમાંક ૧ થી શરૂ કરી સળંગ ક્રમ આપવાના રહેશે.

૨. જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોવાળા ગામમાં તે જ ગામના વિસ્તારના મતદારોનો સમાવેશ કરવાનો રહેશે. નગરપાલિકા / નગરપંચાયત જેવા શહેરી વિસ્તારોની હદમાં હોય તેવા શહેરી વિસ્તારોના ઘરનંબરોવાળા અને ઘરનંબરો વગરના ઘરોમાં રહેતા મતદારોના નામનો જિલ્લા/ તાલુકા પંચાયતના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોની મતદારયાદીમાં સમાવેશ કરવાનો નથી તેની ખાસ નોંધ રાખવાની રહેશે.

૩. મતદાર વિભાગમાં સમાવિષ્ટ કરેલ તમામ ગામોની વિભાગ પ્રમાણેની મતદારયાદી તૈયાર કરવામાં આવે તેના દરેક વિભાગમાં વિભાગ નંબર ૧ થી શરૂ કરી ક્રમાનુસાર આપવાના રહેશે. જેમ કે, એક મતદાર વિભાગમાં ૧૫ વિભાગ પાડયા હોય તો વિભાગવાર યાદીનો વિભાગ ક્રમાંક ૧/૧૫, ૨/૧૫, ૩/૧૫ તે મુજબ ક્રમાનુસાર આપી છેવટે ૧૫/૧૫ એ મુજબ આપવાના રહેશે.

૪. જિલ્લા/તાલુકા પંચાયતની મતદાર વિભાગવાર મૂળ મતદારયાદીઓ સાથે, વિધાનસભા મતદારયાદીના રોલ/સેટ સાથેના સર્વીસ વોટર્સની યાદી પ્રમાણેના સર્વીસ મતદારોના નામો તેઓના વતનના સરનામા મુજબના ગામોની મતદારયાદીઓ સાથે સર્વીસ વોટર્સની મતદારયાદી નમૂના નંબર ૬ મુજબ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહેશે.

૫. તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા.૧–૧–૨૦૦૨ની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ મતદારયાદીની દસ નકલો જિલ્લા કલેકટર કચેરી મારફતે મેળવીને આ મતદારયાદીના મથાળા પર, રાજય ચૂંટણી પંચે નક્કી કરેલ નમૂના નંબર–૨ મુજબનાં મથાળાં ટાઈપ કરી તૈયાર કરી ચોંટાડવાના રહેશે. વિધાનસભા મતદારયાદીની પુરવણી મતદાર યાદીનાં મથાળાં સફેદ કોરા કાગળ ચોંટાડી ઢાંકી દેવાનાં રહેશે, પરંતુ મતદારયાદીના કોલમ ૧ થી ૮ તથા પુરવણી યાદીના કોલમો ઢાંકવાના નથી. તે જ પ્રમાણે મતદારયાદીના છેલ્લા પાને જયાં જયાં વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીના મતદાર નોંધણી અધિકારીના હોદ્દા અને સહી સિક્કા છે તેના પર કાગળ ચોંટાડીને જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર મંડળના મતદારયાદીના નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારના હોદ્દાના સિક્કા લગાવી તૈયાર કરવાની રહેશે. મૂળ મતદારયાદીના અંતે કે વર્ષની પુરવણીના અંતે વિધાનસભા મતદારયાદીના મતદાર નોંધણી અધિકારીના સહી સિક્કા હોદ્દો અને તારીખ છાપેલા હોય તે પણ સફેદ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાનાં રહેશે. મતદારયાદીના પાનાના ઉપરના ભાગે વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીને લગતી છાપેલી બાબતો તથા પાનાના નીચેના ભાગે 'પૃષ્ટ નંબર', 'ભાગનંબર' 'મતદાર વિભાગ' ને લગતી છાપેલી બાબતો પણ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે. પરંતુ 'સંબંધ', 'જાતિ', ઉંમર તથા 'ફોટો ઓળખપત્ર' ની સમજૂતીની નોંધો ખુલ્લી રાખવાની રહેશે. વિધાનસભા મતદારયાદીના પૃષ્ઠોના નીચેના ભાગે 'પૃષ્ઠ નંબર', 'ભાગ નંબર', 'મતદાર વિભાગ' ને લગત છાપેલી બાબતો પર કાગળની પટ્ટી ચોંટાડી તેને ઢાંકી દઈ તેના પર નીચે પ્રમાણેના સિક્કા મારીને તેમાં વિગતો દર્શાવી મતદારયાદી તૈયાર કરવાની રહેશે.

..... તાલુકા પંચાયત મતદાર મંડળ ક્રમાંક .....
નામ ..... મતદારયાદી ભાગ નંબર ..... પૃષ્ઠ નંબર.....

મતદારયાદીના વચ્ચેના પાનાઓમાં '' ભાગ અને મતદાન મથકના મતદારોનું સંક્ષિપ્ત વિવરણ'' અને ''પુરવણીની વિગતો '' પણ ઢાંકી દેવાની રહેશે. હાલના તબક્કે આવી રીતે દરેક ગામ / વિભાગની મતદારયાદીના ૧૦–૧૦ સેટ તૈયાર કરવાના રહેશે. રાજય ચૂંટણી પંચ દ્વારા જયારે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર મંડળોની મતદારયાદી પ્રસિદ્ધિ કરવા કાર્યક્રમ આપવામાં આવે ત્યારે તાલુકા પંચાયત મતદારયાદીના નિર્દિષ્ટ અધિકારીઓએ

INDEX

મતદારયાદીના છેલ્લા પાને સ્થળ, તારીખ અને હોદ્દા લખીને સહીઓ કરી મતદારયાદી પ્રસિદ્ધ કરવાની રહેશે.

નમૂના નંબર ૧, ૨, ૩, ૪, ૬ તથા ૭ માં મથાળે તથા નીચેના ભાગે હાલમાં જે તે જિલ્લા / તાલુકા પંચાયત તથા તેના મતદાર મંડળની વિગત પુરવાની રહેશે. મથાળાં પર તથા અન્ય જે જગાએ કાગળ–પટ્ટીઓ ચોંટાડવામાં આવે તે ભવિષ્યમાં પણ ખૂલી ન જાય તેવી રીતે ગુંદરથી ચુસ્ત રીતે ચોંટાડવાની રહેશે.

૬. જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદી, ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીની નકલો પરથી મથાળા બદલીને તૈયાર કરવાની હોઈ, મતદારયાદીમાં મતદારની ઉંમરમાં કોઈ સુધારો કરવાનો નથી.

